IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# આઠમા ધોરણના વિદ્યાર્થીઓના શાંત વાચનઅર્થગ્રહણ અને પાઠય સામગ્રીની કઠીનતા વચ્ચેનો સંબંધ

સંશોધક

ગામીત અનિતાબેન લલ્લુભાઇ

M.A, M.Ed, M.Phil

માર્ગદર્શક

પ્રો. ભરતભાઇ જોશી

પ્રાધ્યાપક

IASE ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ

પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 માં પાયાની સાક્ષરતા માટે વધુ પ્રાથમિકતા આપેલ છે. તેમજ મૂળભૂત શિક્ષણ એટલે કે વાચન , લેખન અને ગણન પર વધુ ભાર આપેલ છે. વાચન , લેખન અને ગણન માં શરુઆતનું પગથીયુ એટલે વાચન જેમાં શાંત વાચન અર્થગ્રહણ પર વધુ ભાર મુકવાથી વાચનનાં કૌશલ્યનો વિકાસ થશે. ભારત સરકાર દ્વારા ૫ મી જુલાઈ ૨૦૨૧ નાં રોજ નિપુર્ણ ભારત નામનું નેશનલ ફાઉન્ડેશનલ લિટરેસી એન્ડ ન્યુમરસી મિશન શરુ કરવામાં આવ્યુ હતું. તેનો હેતુ બાળક સને ૨૦૨૬-૨૭ સુધી ધોરણ ૩ માં પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન પ્રાપ્ત કરે. પાયાની સાક્ષરતા એટલે મૌખિક ભાષા વિકાસ, ડિકોડિંગ , વાચનની પ્રવાહિતા, વાચન અર્થગ્રહણ અને લેખન છે. જેથી વાચનઅર્થગ્રહણ અને પાઠય સામગ્રીની કઠીનતા વચ્ચેનો સંબંધ ચકાસવો પ્રસ્તુત સંશોધન માં પ્રયાસ કરેલ છે.

**વ્યાખ્યા**

વાચન અર્થગ્રહણ

પ્રસ્તુત અભ્યાસમાં વાચન અર્થગ્રહણ એટલે સંશોધક રચિત ક્લોઝ કસોટીઓ પર મળેલા વિદ્યાર્થીઓના કુલ પ્રાપ્તાંકો એટલે વિદ્યાર્થીઓનું વાચન અર્થગ્રહણ

**પ્રસ્તુત સંશોધનના હેતુઓ**

૧. ધોરણ - ૮ માં શાંત વાચન અર્થગ્રહણનું માપન કરવું.

૨. ધોરણ - ૮ ની પાઠય સામગ્રીની કઠિનતાનો સબંધ તપાસવો.

**પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો**

૧. ધોરણ – ૮ માં શાંત વાચનર્થગ્રહણનું માપન કેવુ હશે ?

૨. ધોરણ - ૮ ની પાઠય સામગ્રીની કઠિનતાનો સબંધ કેવો હશે ?

### પ્રસ્તુત સંશોધનનું સીમાંકન

- પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળામાં (ધો – ૮) ધોરણનાં વિદ્યાર્થીઓ માટે જ અભ્યાસ માર્યાદિત હતો.
- પ્રસ્તુત સંશોધન તાપી જિલ્લાની એક તાલુકાની ચાર ગુજરાતી માધ્યમ ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓ પૂરતું મર્યાદિત હતો.
- પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ ૧૦ થી ૧૫ ટકા નમૂનો યાદ્દચ્છિક રીતે પસંદ કરવામાં આવેલ હતો.
- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ -૨૩ માં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને જ નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ હતો.

### વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં તાપી જિલ્લાની જિલ્લા પંચાયત સંચાલિત સરકારી ગુજરાતી માધ્યમની શાળાનાં વિદ્યાર્થીઓ સંશોધનનો વ્યાપ વિશ્વ બનશે.

પ્રસ્તુત સંશોધનમાં તાપી જિલ્લાના સાત તાલુકાને યાદ્દચ્છિક રીતે એક તાલુકો પસંદ કરી તેમાથી ડોલવણ તાલુકાની ચાર શાળાને યાદ્દચ્છિક રીતે પસંદ કરીને તેમાં અભ્યાસ કરતા ધોરણ ૮ નાં ૧૫૦ બાળકો નમૂનો યાદ્દચ્છિક રીતે પસંદ કરવામાં આવેલ હતો.

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

### ઉપકરણ

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ શાળેય વિદ્યાર્થીઓનું વાચન અર્થગ્રહણ સ્તર તપાસવા માટે સર્વેક્ષણ પદ્ધતિ પસંદ કરવામાં આવી છે. સર્વેક્ષણ પદ્ધતિમાં ઉપયોગમાં લઈ શકાય તેવા ઘણા ઉપકરણો છે. તે પૈકી સંશોધન માટે સ્વરચિત અર્થગ્રહણ કસોટીની સંરચના કરશે. જેમા કસોટીઓનું સ્વરૂપ સરળ , મધ્યમ અને કઠીન સામગ્રી પર રચાયેલી કલોઝ કસોટીઓનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

### માહિતી એકત્રીકરણની રીત

માહિતી માટે સંશોધનના હેતુઓને સુસંગત રીતે માહિતી એકત્રીકરણ થાય તે અત્યંત અનિવાર્ય બાબત છે. દરેક સંશોધનની સાર્થકતા માહિતી એકત્રીકરણ પર નભે છે. સારી અને પૂરતા પ્રમાણમાં મળેલી માહિતી સારા પરિણામો આપે છે. (આ માટે સંશોધક શાળાની સામાન્ય પરિસ્થિતિમાં કસોટીઓ લેવામાં આવશે.)

### માહિતીનું પૃથકકરણ

માહિતીનાં પૃથ્થકરણ માટે વર્ણનાત્મક અંકશાસ્ત્રીય ગણતરી માટે ટકાવારી નો ઉપયોગ કરવામાં આવેલ હતો.

### પસ્તુત સંશોધનના તારણો

1. ધોરણ – ૮ નાં મોટાભાગના વિદ્યાર્થીઓ માં વાચન ક્ષમતા ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.
2. ધોરણ – ૮ નાં વિદ્યાર્થીઓ શાંત ચીતે વાચી શકતા ન હતા.
3. ધોરણ – ૮ નાં વિદ્યાર્થીઓ પુસ્તકમાં આપેલા અમુક શબ્દોનાં અર્થો સમજી શકતા ન હતા.
4. ધોરણ – ૮ નાં વિદ્યાર્થીઓમાં ભાષાને લગતુ જ્ઞાન બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

સંશોધનના ફલિતાર્થો

1. ધોરણ – ૮ નાં વિદ્યાર્થીઓમાં વાચન ક્ષમતા વધે તે માટે શિક્ષક દ્વારા અધ્યયન રસપ્રદ બનાવવું.
2. ધોરણ – ૮ નાં વિદ્યાર્થીઓમાં શાંત વાચન વિકસે તે માટે શિક્ષક દ્વારા અલગ અલગ પધ્ધતિઓ દ્વારા બાળકોને માર્ગદર્શન પુરુ પાડવુ જોઈએ.

3. ધોરણ – ૮ નાં વિધાર્થીઓને પાઠય પુસ્તકમાં આપેલ વ્યાકરણ નું જ્ઞાન મળે તેવા પ્રયત્નો શિક્ષકો થકી થવા જોઇએ.
4. પ્રાથમિક કક્ષાના વિધાર્થીઓને ધોરણ ૧ થી પ્રાદેશીક ભાષા તેમજ પાઠયપુસ્તકની ભાષા નું અધ્યયન કાર્ય કરાવવુ જેથી તેમની ભાષા પર પ્રભુત્વ મેળવી શકાય.

ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ – ૮ નાં વિધ્યાર્થીઓમાં શાંત વાચનઅર્થગ્રહણ અને પાઠયસામગ્રીની કઠીનતા વચ્ચેનો સબંધ જે વર્તમાન સમયમાં જોવા મળી રહ્યો છે તેનાં અનુસંધાને રજુ કરવાનો અભિગમ દર્શાવેલ હતો.

સંદર્ભ

દવે, એસ.સી. (૨૦૧૨) દ્વારા “ ગધાર્થગ્રહણની સી કસોટી અને કલોઝ કસોટીની તુલના “પીએચ.ડી અમદાવાદ : ગૂજરાત વિધાપીઠ

ઢાઢોદરા, એન ( ૨૦૧૭ ) દ્વારા “ ઉચ્ચ શિક્ષણના વિધાર્થીઓની લિખિ અભિવ્યક્તિના સહ સબંધકો “ પીએચ.ડી અમદાવાદ : ગૂજરાત વિધાપીઠ

મોદી, એન ( ૧૯૯૫ ) દ્વારા “ ગુજરાતી શાંતવાચન અર્થગ્રહણ માપન કસોટીની રચના અને પ્રમાણીકરણ “ પીએચ. ડી અમદાવાદ : ગૂજરાત વિધાપીઠ

સતીશપ્રકાશ એસ. શુકલ (૨૦૧૯) **સંશોધન પરિચય અને પધ્દ્રતિશાસ્ત્ર,** રીશીથ પબ્લીકેશન અમદાવાદ

ડી.એ. ઉચટ (૨૦૧૨) **શિક્ષણ અને સામાજીક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્દ્રતિશાસ્ત્ર,** પારસ પ્રકાશન અમદાવાદ